**ક્રમાંક–૩**

**પત્રક ભાગ–૧**
**કાર્યવાહીની ટૂંકી નોંધ**
**પંદરમી ગુજરાત વિધાનસભા**
**ચોથું સત્ર**
**સોમવાર, તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**
**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**૧. પ્રશ્નોત્તરી**

સોમવાર, તા ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પ્રશ્નો અગ્રતાક્રમ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૮, ૯,૧૧, ૧૨ના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

**૨. માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

રાજસ્થાન વિધાનસભાના માનનીય અધ્યક્ષશ્રી વાસુદેવ દેવનાની ગુજરાત વિધાનસભાની મુલાકાતે પધારેલ હોવાથી માનનીય અધ્યક્ષશ્રીએ સૌ સભ્યો વતી તેમનું સ્વાગત કર્યું.

**૩. પ્રશ્નોત્તરી ( ક્રમશઃ)**

ત્યારબાદ પ્રશ્નોત્તરી આગળ ચાલી અને તારાંકિત પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ –૧૩નો મૌખિક જવાબ આપવામાં આવ્યો.

ગેરહાજર સભ્યશ્રીઓના પ્રશ્નો અગ્રતાક્રમ–૭ અને ૧૦ને અતારાંકિત ગણવામાં આવ્યા.

સમયના અભાવે પૂછી ન શકાયેલા પ્રશ્નો અગ્રતાક્રમ ૧૪થી ૫૩ને અતારાંકિત ગણવામાં આવ્યા.

પ્રશ્નોત્તરીનો સમય ૧–૦૦ કલાકે પૂરો થયો.

**૪. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો સંકલ્પ (નિયમ–૧૨૦)**

માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે એક દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાનને કારણે છેલ્લાં ૫૦૦થી વધુ વર્ષથી પ્રતીક્ષા કરનાર ભક્તિમય હિન્દુ સમાજ રામલલ્લાને અયોધ્યામાં ભવ્ય મંદિરમાં પ્રતિષ્ઠિત કરી શક્યા. આ અંગે સદીઓથી લાખો સંસ્કૃતિ ભક્તોએ બલિદાનો આપ્યા, જેના પરિણામે આપણે બંધારણીય માર્ગે અયોધ્યામાં રામમંદિરનું પુનર્નિમાણ કરી શક્યા, જેથી આ સભાગૃહ આદરણીય નરેન્દ્રભાઇ મોદીને આ સહસ્રાબ્દીઓ સુધી યાદ રહે તેવું ઐતિહાસિક સાંસ્કૃતિક દાયિત્વ નિભાવવા બદલ અભિનંદન પાઠવતો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં પોતાનું મંતવ્ય રજૂ કર્યું.

ત્યારબાદ નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા
(૨) શ્રી અમીત ઠાકર
(૩) શ્રી અનિરુદ્ધ દવે
(૪) શ્રીમતી સંગીતાબેન પાટીલ
(૫) શ્રી મહેશ કસવાલા
(૬) શ્રી પ્રવીણકુમાર માળી
(૭) શ્રીમતી નિમીષાબેન સુથાર
(૮) શ્રી સંજય કોરડીયા
(૯) શ્રી ઉમેશભાઇ મકવાણા
(૧૦) શ્રી માવજીભાઇ દેસાઇ
(૧૧) શ્રી ફતેસિંહ ચૌહાણ

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આપ્યો.

**ત્યારબાદ સંકલ્પ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.**

**(વિરામ બપોરના ૨–૨૮થી ૩–૨૫ )**

**૫. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)**

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી નરેશભાઇ પટેલે, સભ્યશ્રી કેશાજી ચૌહાણના અનુમોદનથી તા.૧લી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

રાજ્યપાલશ્રીને નીચે મુજબનો સંદેશો પાઠવવો.

''અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજ્યપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલ સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ.''

ત્યારબાદ સભ્ય શ્રી કાંતિભાઈ ખરાડી, ડો.તુષાર ચૌધરી, શ્રી અરવિંદભાઈ લાડાણી, શ્રી અમીત ચાવડાએ પોતાના સુધારા રજૂ કર્યા.

ત્યારબાદ આભાર પ્રસ્તાવ અને તેના સુધારા પર ભેગી ચર્ચા શરૂ થઇ અને નીચેના સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧) શ્રી નરેશભાઈ પટેલ
(૨) શ્રી કેશાજી ચૌહાણ
(૩) શ્રી અમીત ચાવડા(કોંગ્રેસ પક્ષના નેતાશ્રી)(પ્રવચન અધૂરું)

**૬. પોઈન્ટ ઓફ ઓર્ડર**

**આધાર–પુરાવા રજૂ કરવા અંગે**

રાજયપાલશ્રીના સંબોધન પરના આભાર પ્રસ્તાવ પર ચર્ચા દરમ્યાન કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડા દ્વારા ૨૩ કરોડ ગરીબોની સંખ્યા દેશમાં વધવા બાબતના આંકડાનો ઉલ્લેખ કરતા રાજય કક્ષાના ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીએ રજૂ કરેલ આંકડા બાબતે વાંધો લઇને વિધાનસભા ગૃહમાં આંકડા બાબતે આધાર પુરાવા રજૂ કરવામાં આવે અન્યથા તેમના આ આંકડા બાબતના શબ્દો પાછા ખેંચવા બાબતનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતા, માનનીય ઉપાધ્યક્ષશ્રીએ કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડાને આંકડા બાબતે આધાર પુરાવા રજૂ કરવા જણાવ્યું.

**૭. રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)(ક્રમશઃ)**

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના નેતાશ્રી અમીત ચાવડાએ તેમનું અધૂરું રહેલ પ્રવચન પૂરું કર્યા બાદ નીચેના માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૪) શ્રી મોહનભાઈ ઢોડિયા
(૫) શ્રી અરવિંદ રાણા
(૬) શ્રી ફતેસિંહ ચૌહાણ
(૭) શ્રી મેઘજીભાઈ ચાવડા
(૮) શ્રી કેયુર રોકડિયા
(૯) શ્રીમતી રીટાબેન પટેલ
(૧૦) શ્રી સુખાજી ઠાકોર
(૧૧) શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા
(૧૨) શ્રી મોહનભાઈ કોંકણી
(૧૩) શ્રી ઉદય કાનગડ

**( વિરામ સાંજના ૫–૨૨થી ૫–૪૫ )**

વિરામ બાદ નીચેના વધુ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

(૧૪) ડો. પાયલ કુકરાની
(૧૫) શ્રી જનકભાઈ તળાવીયા
(૧૬) શ્રી ડી.કે. સ્વામી
(૧૭) શ્રી સંજયસિંહ મહિડા
(૧૮) શ્રી યોગેશ પટેલ
(૧૯) શ્રી ઉમેશભાઈ મકવાણા
(૨૦) શ્રી હર્ષ સંઘવી( રા.ક.ના ગૃહ મંત્રીશ્રી)

**સભાગૃહ, મંગળવાર તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા માટે સાંજના ૬–૫૪ વાગ્યે મુલતવી રહ્યું.**

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.
તા. ૫મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ડી.એમ.પટેલ
સચિવ,
ગુજરાત વિધાનસભા.